For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**શહેરીજનોને ખાડીપૂરથી મુક્તિ મળવાની આશા**

# ખાડીઓનું લેવલ દોઢ મીટર જેટલું નીચું ગયું

**4 ફ્લોટિંગ** પોકલેન અને 70થી વધુ મશીનરી દ્વારા ખાડી સફાઈનો ધમધમાટ

**ડેપ્યુટી** એન્જિનિયરો દરરોજ સવારે 7 વાગ્યાથી સ્થળ પર હાજર રહી નિરીક્ષણ કરે છે

સુરતઃ સુરતમાં દર વર્ષે ચોમાસામાં સર્જાતી ખાડીપૂરની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે મનપા કમિશનર એમ. નાગરાજને આ વર્ષે અત્યાધુનિક ટેક્નોલોજી અને સખત મોનિટરિંગ સાથે પ્રિ-મોન્સૂન કામગીરી હાથ ધરી છે. પાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર 4 ફ્લોટિંગ પોકલેન મશીનો ભાડે રાખીને ખાડીઓમાં ઉતારવામાં આવ્યા છે, જે પાણીની વચ્ચે જઈને તળિયે જમા થયેલો વર્ષો જૂનો કાંપ અને ડ્રેજિંગની કામગીરી કરી રહ્યા છે. આ મશીનોના ઉપયોગથી ખાડીના પાણીનું લેવલ અત્યારથી જ 1 થી 1.5 મીટર જેટલું નીચે ગયું છે, જે જળવહન ક્ષમતામાં થયેલા વધારાનો સંકેત છે. આ ઉપરાંત શહેરના તમામ ઝોનમાં 4 ફ્લોટિંગ મશીનો સહિત લોંગ બૂમ મશીન્સ, પોકલેન, જેસીબી અને ડમ્પર મળી કુલ 70થી વધુ વિવિધ મશીનરીઓનો કાફલો રાત-દિવસ કાર્યરત છે, જેનો મુખ્ય ઉદ્દેશ ખાડીઓની ઊંડાઈ વધારી પ્લાસ્ટિક અને ઘન કચરો દૂર કરવાનો છે.

માત્ર ખાડીઓ જ નહીં, પરંતુ સમગ્ર શહેરના ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર નેટવર્કને સાફ કરવા માટે મનપાએ વ્યાપક આયોજન કર્યું છે. તમામ ઝોનમાં પાઈપલાઈન સેટિંગ, ઈનલેટ ચેમ્બર્સની સફાઈ અને મેનહોલ ડી-સિલ્ટિંગની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. આ વર્ષની કામગીરીની સૌથી મોટી વિશેષતા તેનું 'સુપરવિઝન' છે; જેમાં ડેપ્યુટી એન્જિનિયરો દરરોજ સવારે 7 વાગ્યાથી સ્થળ પર હાજર રહી નિરીક્ષણ કરે છે અને ડેપ્યુટી કમિશનર તથા ઝોનલ ચીફ દ્વારા અઠવાડિયામાં 2થી 3 વાર આકસ્મિક મુલાકાત લઈને કામની ગુણવત્તા તપાસવામાં આવી રહી છે. ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઈજનેર રાકેશ મોદીના જણાવ્યા અનુસાર આ વખતે જે રીતે માઈક્રો લેવલ પર આયોજન અને ક્રોસ વેરિફિકેશન થઈ રહ્યું છે, તેનાથી ચોક્કસપણે કહી શકાય કે સુરત શહેરના રહીશોને આ વર્ષે ખાડી પૂરની મુશ્કેલીમાંથી મોટી રાહત મળશે.

**ગમે ત્યારે આ પુલ પરથી બસ નીચે પડશે**

■ કતારગામ ફ્લાય ઓવર બ્રિજ પરથી પસાર થતી એક ખાનગી કંપનીની બસ પુલની રેલિંગને કારણે નીચે પટકાતી અટકી ગઇ હતી. જો કે. આ વળાંક ખૂબ જ જોખમી હોવાથી અહીં ગમે ત્યારે વાહન ઉપરથી નીચે પટકાઇ તેવી શક્યતા છે. **(તસવીર : સતીષ જાદવ)**

**વડોદરા રેલવે LCBએ અમરેલીના શખ્સ સહિત ત્રણને ઝડપી પાડ્યા**

# સુરત રેલવે સ્ટેશન પરથી 48 લાખના સોનાના બિસ્કિટ ચોરાયા

**પાર્લે** પોઇન્ટના કાંતિલાલ મહેતા ગોપીપુરા મંદિર કોરિડોર માટે દાનમાં આપવા વતનથી 300 ગ્રામના બિસ્કિટ લાવ્યા હતા

સુરતઃ સુરત રેલવે સ્ટેશનની લિફ્ટમાં પેસેન્જરોની નજર ચુકવી, વૃદ્ધ મુસાફરના પેન્ટનું ચોર ખિસ્સું કાપી રૂ. 45 લાખની કિંમતના સોનાના ત્રણ બિસ્કિટ ચોરી કરી નાસી જનાર ચોર ને પશ્ચિમ રેલવે વડોદરા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. પોલીસે ચોરીનો તમામ મુદ્દામાલ રીકવર કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બનાસકાંઠાના ધનાલી ગામના વતની અને હાલ સુરત ખાતે આવેલ પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતા 77 વર્ષીય નિવૃત કાંતિલાલ મહેતા ગત તા. 9 મેના રોજ પોતાના વતનથી સુરત પરત ફરી રહ્યા હતા. તેઓના વતનમાં આવેલા શીતલનાથ જૈન દેરાસર ની દાનપેટીમાંથી નીકળેલા 100-100 ગ્રામના સોનાના 3 બિસ્કિટ (કુલ 300 ગ્રામ) તેઓ સુરતના ગોપીપુરા ખાતે મંદિરમાં કોરિડોર બનાવવા માટે દાનમાં આપવા માટે લાવ્યા હતા. આ સોનું તેમણે પોતાના પેન્ટના અંદરના ભાગે બનાવેલા સુરક્ષિત ચોર ખિસ્સામાં રાખ્યું હતું. કાંતિલાલ મહેતા અને તેમનો પરિવાર ભુજ-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન દ્વારા સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર ઉતર્યા હતા. સવારના સાતેક વાગ્યે પ્લેટફોર્મ પરથી બહાર જવા માટે તેઓ લિફ્ટમાં ચડ્યા ત્યારે મુસાફરોની ભારે ભીડ હતી. આ ભીડનો લાભ લઈ કોઈ અજાણ્યા ચોરે અત્યંત સિફતપૂર્વક કાંતિલાલ મહેતાના પેન્ટનું ખિસ્સું કાપી રૂ. 45,00,000/- ની મત્તાના ત્રણેય સોનાના બિસ્કિટ ચોરી લીધા હતા. જ્યારે તેઓ દિલ્હી ગેટ પહોંચ્યા ત્યારે ખિસ્સું કપાયેલું જણાતા તેઓના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી અને તુરંત સુરત રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. રેલવે પોલીસ અધિક્ષક અભય સોનીના માર્ગદર્શન હેઠળ LCB વડોદરા અને સુરત રેલવે પોલીસની ટીમોએ તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ થી લઈ પાર્કિંગ સુધીના CCTV ફૂટેજ તપાસતા લિફ્ટ પાસે એક શંકાસ્પદ ઈસમ જોવા મળ્યો હતો. આ ઈસમ પ્લેટફોર્મ નંબર 4 થી બહાર નીકળી રિક્ષામાં બેસીને જતો દેખાયો હતો. પોલીસે આશરે 100 જેટલા CCTV કેમેરા તપાસ્યા બાદ રિક્ષા નંબર મેળવી તેના માલિક સુધી પહોંચી હતી. રીક્ષા ચાલકની પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે તેને શંકાસ્પદ

અનુસંધાન પાના ૫ પર

**મે મહિનાની ગરમી ફરી ચરમસીમાએ**

# 15 વર્ષથી વધતું તાપમાન આ વર્ષે 41.7 ડિગ્રી સુધી પહોંચ્યું

**2023** સૌથી વધુ ગરમ વર્ષ હતું, 42.6 ડિગ્રી સાથે છેલ્લાં 15 વર્ષનો સર્વોચ્ચ આંક

સુરત: છેલ્લાં 15 વર્ષના મે મહિનાના મહત્તમ તાપમાનના આંકડા દર્શાવે છે કે દર વર્ષે ઉનાળાની તીવ્રતા સતત વધી રહી છે. ખાસ કરીને 2013 પછી મોટા ભાગનાં વર્ષોમાં તાપમાન 41 ડિગ્રીથી ઉપર નોંધાયું છે, જે ગરમીના વધતા પ્રભાવને સ્પષ્ટ કરે છે.

2026માં મે મહિનાનું સર્વોચ્ચ તાપમાન 41.7 ડિગ્રી નોંધાયું છે, જે છેલ્લાં કેટલાંક વર્ષોની જેમ જ તીવ્ર ગરમીનો સંકેત આપે છે. જો કે, 2025માં તાપમાન 38.6 ડિગ્રી સુધી ઘટ્યું હતું, પરંતુ માત્ર એક વર્ષમાં જ ફરીથી 41 ડિગ્રીને પાર કરી ગયું છે. આંકડા મુજબ 2023માં મે મહિનામાં 42.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે છેલ્લાં 15 વર્ષમાં સૌથી વધુ છે. તેના પહેલાં 2018 અને 2024માં 42.0 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો. 2011માં જ્યાં મહત્તમ તાપમાન 38 ડિગ્રી

અનુસંધાન પાના ૫ પર

**છેલ્લાં 15 વર્ષમાં મે મહિનામાં નોંધાયેલી હાઈએસ્ટ ગરમી**

| વર્ષ | તાપમાન | વર્ષ | તાપમાન |
|---|---|---|---|
| 2011 | 38.0 | 2019 | 41.8 |
| 2012 | 39.3 | 2020 | 41.8 |
| 2013 | 40.6 | 2021 | 40.0 |
| 2014 | 41.0 | 2022 | 41.0 |
| 2015 | 41.0 | 2023 | 42.6 |
| 2016 | 41.8 | 2024 | 42.0 |
| 2017 | 41.4 | 2025 | 38.6 |
| 2018 | 42.0 | 2026 | 41.7 |

**આગામી વર્ષોમાં વધુ ગરમીની શક્યતા**

હવામાન નિષ્ણાતો માને છે કે જો પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન કવર વધારવા માટે અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો આગામી વર્ષોમાં મે મહિનાની ગરમી વધુ ગંભીર બની શકે છે. છેલ્લાં 15 વર્ષના આંકડા સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ગરમી હવે માત્ર ઋતુ નથી રહી, પરંતુ ધીમે ધીમે એક ગંભીર પર્યાવરણીય પડકાર તરીકે ઉભરી રહી છે.

**બપોર દરમિયાન બહાર નીકળતા લોકોના આરોગ્ય માટે ચેતવણી**

ઉચ્ચ તાપમાનને કારણે હીટસ્ટ્રોક, ડિહાઇડ્રેશન અને થાક જેવી સમસ્યાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. તબીબો બપોરના સમયે સીધા તડકામાં બહાર ન નીકળવાની, પૂરતું પાણી પીવાની અને હળવા કપડાં પહેરવાની સલાહ આપી રહ્યા છે.

**2016 પછી ગરમીમાં સતત વધારો, સામાન્ય ઉનાળો હવે અસહ્ય ગરમીમાં બદલાયો**

2016થી લઈને 2024 સુધીના મોટા ભાગનાં વર્ષોમાં તાપમાન 41 ડિગ્રીથી વધુ રહ્યું છે. આ ટ્રેન્ડ દર્શાવે છે કે હીટવેવ જેવી પરિસ્થિતિ હવે સામાન્ય બનતી જાય છે. વિશેષજ્ઞોના મતે વૃક્ષોનું ઘટતું પ્રમાણ, શહેરીકરણ, વાહનો અને ઔદ્યોગિક પ્રદૂષણ તેમજ વૈશ્વિક તાપમાનમાં વધારો આ પરિસ્થિતિ માટે જવાબદાર છે.

# સુરતમાં ગરમીનો કહેર યથાવત : તાપમાન 41.7 ડિગ્રી પહોંચતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

| | |
|---|---|
| નર્મદા | 36 |
| તાપી | 42 |
| ભરૂચ | 41 |
| નવસારી | 41.5 |
| ડાંગ | 43 |
| વલસાડ | 37 |

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે. શહેરમાં ઉનાળાએ જાણે આગ ઓકતી સ્થિતિ સર્જી છે. ગઈકાલે 40.9 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયા બાદ આજે તેમાં વધુ વધારો થઈ 41.7 ડિગ્રી સુધી પારો પહોંચી ગયો હતો. તાપમાનમાં થયેલા આ વધારાને કારણે સમગ્ર શહેરમાં બપોર દરમિયાન રસ્તાઓ સૂમસામ દેખાયા હતા અને લોકો ગરમીથી અકળાઈ ઉઠ્યા હતા. હવામાન વિભાગના આંકડા મુજબ આજે નોંધાયેલું 41.7 ડિગ્રી તાપમાન આ સીઝનનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન માનવામાં આવી રહ્યું છે. ગઈકાલે જ 40.9 ડિગ્રી સાથે ગયા વર્ષના મે મહિનાનો રેકોર્ડ તૂટ્યો હતો, જ્યારે આજે ફરી પારો વધતા નવો રેકોર્ડ નોંધાયો છે. આજે શહેરમાં ઉત્તર દિશાથી પવન ફૂંકાતા ગરમીમાં વધુ વધારો અનુભવાયો હતો. લગભગ 30 ટકા ભેજ અને પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે ફૂંકાયેલા ઉત્તર પવનોને કારણે વાતાવરણ વધુ શુષ્ક અને ગરમ બન્યું હતું. જેના કારણે બપોરના સમયે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો હતો. આજે શહેરનું લઘુત્તમ તાપમાન 26.2 ડિગ્રી નોંધાયું હતું. જોકે રાત્રિના સમયે પણ ઉકળાટ યથાવત રહેતા લોકોને ગરમીમાંથી ખાસ રાહત મળી નહોતી. હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારો માટે આગામી બે દિવસ યલો

અનુસંધાન પાના ૫ પર

# ઇનકમ ટેક્સ રિટર્ન 4માં હવે બેંક બેલેન્સ દર્શાવવું ફરજિયાત

**એસેસમેન્ટ** યર 2026-27થી નાના વેપારીઓ અને પ્રોફેશનલ્સ માટે નવા નિયમો અમલમાં

**AIS-TIS** સાથે મેળ નહીં બેસે તો આવી શકે નોટિસ

સુરત : કેન્દ્ર સરકાર દ્વારા એસેસમેન્ટ યર 2026-27 માટેના ITR-4 ફોર્મમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. ખાસ કરીને Section 44AD, Section 44ADA અને Section 44AE હેઠળ પ્રિઝમ્પટિવ ટેક્સેશન સ્કીમનો લાભ લેતા નાના વેપારીઓ, ટ્રાન્સપોર્ટર્સ અને પ્રોફેશનલ્સ માટે હવે વધુ પારદર્શિતા સાથે રિટર્ન ફાઇલ કરવું ફરજિયાત બનશે. અત્યાર સુધી ટેક્સપેયર્સ 6 ટકા અથવા 8 ટકા નફો દર્શાવી સરળતાથી રિટર્ન ફાઇલ કરતા હતા, પરંતુ હવે નવા નિયમો હેઠળ બિઝનેસ સંબંધિત તમામ બેંક ખાતાઓના 31 માર્ચ 2026ના ક્લોઝિંગ બેલેન્સની માહિતી આપવી ફરજિયાત બનાવવામાં આવી છે.

માહિતી મુજબ, નવા ITR-4 ફોર્મમાં હવે કરંટ અને સેવિંગ બંને પ્રકારના બેંક ખાતાઓનું અંતિમ બેલેન્સ દર્શાવવું પડશે. જોકે હાલમાં ઇન્કમ ટેક્સ પોર્ટલ પર ઓનલાઈન તથા ઓફલાઈન યુટિલિટી ઉપલબ્ધ થઈ નથી. અગાઉ ITR-4માં માત્ર કેશ બેલેન્સ, ડેબ્ટર્સ, ક્રેડિટર્સ અને ઇન્વેન્ટરી જેવા ચાર મુખ્ય કોલમ ભરવાના રહેતા હતા, પરંતુ હવે તેમાં બેંક બેલેન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આવકવેરા વિભાગ પાસે હવે Annual Information Statement (AIS) અને Taxpayer Information Summary (TIS) જેવી આધુનિક ડેટા સિસ્ટમ ઉપલબ્ધ હોવાથી ટેક્સપેયર્સના બેંક ટ્રાન્ઝેક્શન, ડીપોઝિટ તથા અન્ય નાણાકીય વ્યવહારોની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ રહે છે. સરકારનું માનવું છે કે કેટલાક કેસોમાં ટેક્સપેયર્સ બેંકમાં થયેલી કુલ રસીદો ઓછી કે વધુ દર્શાવી GST રજિસ્ટ્રેશનથી બચવાનો અથવા વાસ્તવિક આવક છુપાવવાનો પ્રયાસ કરતા હતા.

નવા નિયમો બાદ હવે આવકવેરા વિભાગ 'ઓપનિંગ બેલેન્સ + ડિપોઝિટ - વિથડ્રોલ = ક્લોઝિંગ બેલેન્સ'ના આધારે ખાતાની ચકાસણી કરી શકશે અને ITRમાં દર્શાવેલા આંકડાઓ સાથે સીધી સરખામણી કરી શકશે. પરિણામે ખોટો અથવા એડજસ્ટેડ પ્રોફિટ દર્શાવવો મુશ્કેલ બનશે અને વાસ્તવિક આવક સામે આવશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ ટેક્સ કમ્પ્લાયન્સ વધારવાનો હોવાનું માનવામાં આવે છે.

ટેક્સ નિષ્ણાતોના મતે, ITR-4 ફાઇલ કરતા પહેલા તમામ બેંક ખાતાઓનું 31 માર્ચનું ક્લોઝિંગ બેલેન્સ યોગ્ય રીતે મેળવો જરૂરી છે. ઉપરાંત AIS અને TISમાં દર્શાવાયેલા ડેટાની અગાઉથી ચકાસણી કરવી પણ અત્યંત જરૂરી બની ગઈ છે. જો ITRમાં દર્શાવાયેલ બેંક બેલેન્સ અને AIS/TISના આંકડાઓમાં તફાવત જોવા મળશે તો આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળવાની શક્યતા રહેશે. આથી નાના વેપારીઓ અને

અનુસંધાન પાના ૫ પર

# કાંકરિયા ગામે વિવાદિત કેમિકલ કચરાના ઢગલામાં ભેદી આગ

**સુરતના** કૌભાંડનો કચરો અહીં જ ઠાલવવામાં આવ્યો છે

અનાવલ: અંબિકાના કાંકરિયા ગામે અગાઉથી વિવાદમાં રહેલા કેમિકલયુક્ત કચરાના ઢગલામાં આગ લાગી હતી. આગને પગલે વિસ્તારમાં ચિંતા અને તણાવનો માહોલ સર્જાયો હતો. ગામ નજીકના ખેતરમાં શહેરમાંથી મોટા પાયે કેમિકલયુક્ત કચરો ઠાલવવામાં આવ્યો હોવાના મુદ્દે અગાઉ ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ઘટનાને લઈને વાતાવરણ તંગ બન્યું હતું તેમજ ગ્રામજનોએ પોલીસ સમક્ષ પણ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. દરમિયાન ખેતરમાં બચી રહેલા કચરાના ઢગલામાં અચાનક આગ લાગી હતી. આગની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

# IPLના સટ્ટામાં રૂપિયા હારી જતા અડાજણના CAએ ફાંસો ખાધો

**અગાઉ** પણ સટ્ટામાં થઇ ગયેલું દેવું પિતાએ ચૂકવી આપ્યું હતું

સુરતઃ IPLના સટ્ટામાં રૂપિયા હારી જતા અડાજણના CAએ ઘરની બાલ્કનીમાં હિંચકાના કડા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બનાસકાંઠાના વતની જૈનમ મહેશભાઈ દોશી (34 વર્ષ) હાલ અડાજણ વિસ્તારમાં આવેલ ન્યુઝ એવન્યુમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતાં. તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હતાં. હાલમાં ચાલી રહેલી આઇપીએલ ક્રિકેટ મેચના સટ્ટામાં તેઓ રૂપિયા હારી ગયા હતા. જેના ટેન્શનમાં આવીને રવિવારે બપોરે તેમણે ઘરની બાલ્કનીમાં લગાવેલ હીંચકાના કડા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. તેમના માથે અગાઉ પણ માથે દેવું થઈ ગયું હતું. જે તેમના પિતાએ ચૂકવી આપ્યું હતું. જોકે હાલમાં તે સટ્ટામાં રૂપિયા હારી જતા તેમના માથે દેવું થઈ ગયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ અડાજણ પોલીસ કરી રહી છે.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો M.81539 99901 ગુજરાતમિત્ર


**બારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

આપનું જીવન અમારી પ્રેરણા છે, આપના આદર્શ અમારા માર્ગદર્શક છે.
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અને પરોપકારની ભાવના અમો આજીવન ભુલશું નહિ,
જીવન એવું જીવી ગયા કે કયારે ભુલાય નહીં,
વિદાય એવી લીધી કે કદી વિસરાય નહિ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. જશુબેન
જશવંતભાઈ પટેલ
સ્વ. તા. ૧૧-૦૫-૨૦૧૪

હિ
ધનજીભાઈ છીમકાભાઈ પટેલ
મહેન્દ્રભાઈ ધનજીભાઈ પટેલ
દીનેશભાઈ ધનજીભાઈ પટેલ
મનોજભાઈ ધનજીભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્થળ : દિપલી, સીટી સુરત.

**બારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

અશ્રુઓ ત્યારે આંખમાંથી વહી જાય છે, તસ્વીર પ્રેમભરી જયારે
તમારી દેખાય છે. સ્નેહભરી સર્વે યાદો હજી તાજી થાય છે,
તમારી ઉપસ્થિતી હજીય અનુભવાય છે.
ઈશ્વર તમારા આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

સ્વ. જશુબેન
જશવંતભાઈ પટેલ
સ્વ.તા.૧૧-૦૫-૨૦૧૪

હિ
સ્વ. જશવંતભાઈ નારણભાઈ પટેલ
જયેશભાઈ જશવંતભાઈ પટેલ
કલ્પેશભાઈ જશવંતભાઈ પટેલ
વૈશાલીબેન જયેશભાઈ પટેલ
બોનીક્ષા કલ્પેશભાઈ પટેલ
જાનવી, પેરીસ, લમ્હા, ફિઆન
સ્થળ : દિપલી, સીટી સુરત.

**હાર્દિક શ્રધ્ધાંજલિ**

સ્વ. ડૉ. કનુભાઇ ગોવિંદભાઇ માવાણી
સ્વ. તારીખ : ૦૮/૦૫ /૨૦૨૬
( ઉંમર વર્ષ : ૮૨ )

શ્રી તાપી બ્રાહ્મચર્યાશ્રમ સભા, સુરત સંચાલિત આયુર્વેદ કૉલેજમાં સને 1964 માં વિદ્યાર્થી તરીકે પ્રવેશ સ્નાતક ડિગ્રી મેળવી પ્રાધ્યાપક, પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવી, ફરજ દરમયાન સંસ્થા વિકાસમાં પણ યોગદાન આપ્યું, આયુર્વેદ યુનિવર્સિટી જામનગર દ્વારા ડૉક્ટર ઓફ લિટરેચર (ડીલીટ ) જેવું ઉચ્ચ સન્માન પ્રાપ્ત કરનાર અને આજ પર્યન્ત સંસ્થાના ટ્રસ્ટીશ્રી તરીકે હર હંમેશ અગ્રેસર સેવા આપનાર તેવા **સ્વ. ડૉ. કનુભાઇ જી. માવાણી** ના સદગુણો એટલે પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, કર્તવ્ય નિષ્ઠા, સાહસ, હિમ્મત, કાર્યકુશળતા, સ્પષ્ટવક્તા જેવા અનેક ગુણોથી ભરેલું હતું. આજીવન આરોગ્ય, શિક્ષણ, સમાજ સેવાને વરેલા અને આ બધી સેવા કરવા રાજકારણ પણ જરૂરી હતું તેથી તેમાં પણ અગ્રેસર રહી એક વિશિષ્ટ અને અમીર વ્યક્તિત્વ ઊભું કર્યું તેમણે કંડારેલા પાવન પગલાં પાછળ અનેક લોકો ડગ માંડે તો સમાજ જીવનમાં અમૂલ્ય પરિવર્તન અવશ્ય આવે.
પ્રભુ પોતાના ચરણોમાં અતિ સમીપનું સ્થાન આપે તેવી પ્રાર્થના.

હિ. શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરત

પ્રમુખ: ડૉ. વજુભાઇ જી. માવાણી
ઉપ પ્રમુખ: શ્રી રાકેશભાઇ એમ. જૈન
ટ્રસ્ટી : શ્રી જીવરાજભાઇ પી. સુરાણી (ધારુકાવાળા)
ટ્રસ્ટી : શ્રી વિદુરભાઇ ડી. નાઝર
માનદ મંત્રી : શ્રી હેમંતભાઇ જે. ટોપીવાળા
ખજાનચી : દિનેશભાઇ આર. નાવડિયા
માજી પ્રમુખ : ડૉ. બંકીમભાઇ આર. ઠાકર
જનરલ મેનેજર : શ્રી બાબુભાઇ વી. કોટડીયા
નિયામક મંડળના સભ્યશ્રીઓ અને કર્મચારીશ્રીઓ પરિવાર

**બીજી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**

સ્વ. નલીનચંદ્ર બળવંતરાય કડીવાલા
(Ex. TP Chairman) (Ex. Corporater)
સ્વ. તા. ૧૧.૦૫.૨૦૨૪

સમય જુંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે... ક્યાં ખબર હતી,
હે કુદરત એ અમાનત છે અમારી, રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ, એ જ જુંદગી હતી અમારી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

હિ.
ઈલા નલીનચંદ્ર કડીવાલા (પત્ની)
પુનિત નલીનચંદ્ર કડીવાલા (પુત્ર) - ધારા પુનિત કડીવાલા (પુત્રવધુ)
ધર્મી સ્તવનકુમાર ટેકરાવાલા (પુત્રી) - સ્તવનકુમાર જગદીશચંદ્ર ટેકરાવાલા (જમાઈ)
ચંદ્રકાંત બળવંતરાય કડીવાલા (ભાઈ) - કૌશિકા ચંદ્રકાંત કડીવાલા (ભાભી)
રામચંદ્ર ચંદ્રકાંત કડીવાલા (ભત્રીજા) - અનુરાધા રામચંદ્ર કડીવાલા (ભત્રીજાવહુ)
ધનવીર, અંગત, કસ્તુરી
બળવંતરાય વ્રજદાસ કડીવાલા પરિવાર

**દુઃખદ અવસાન - બેસણું**

સ્વ. ડૉ. કનુભાઈ ગોવિંદભાઈ માવાણી
(સ્વ. તા. ૦૮/૦૫/૨૦૨૬) (ઉ.વર્ષ ૮૨)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી/ભાઇશ્રી
ડૉ. કનુભાઈ ગોવિંદભાઈ માવાણી સવંત-૨૦૮૨ વૈશાખ વદ-૬ને
શુક્રવાર તા. ૦૮/૦૫/૨૦૨૬ પ્રભુ ચરણ પામેલ છે.
પરમ કૃપાળુ પરમેશ્વર તેમના દિવંગત આત્માને શાંતિ આપે તેજ પ્રાર્થના છે.

: સદ્ગતનું બેસણું / સ્થળ :
તારીખ : ૧૧/૦૫/૨૦૨૬ સોમવાર | સમય : સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાકે
સ્થળ : શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલ (ધારુકા કોલેજ ગ્રાઉન્ડ)
કાપોદ્રા - વરાછા રોડ, સુરત.

શ્રી ભીમજીભાઈ ગોવિંદભાઈ માવાણી
ડો. વજુભાઈ ગોવિંદભાઈ માવાણી
શ્રી વિનુભાઈ મનજીભાઈ માવાણી
સ્વ. જયેશ કનુભાઈ માવાણી
હિ.
બિનાબેન ઓધવજીભાઈ પાઘડાર
દિપ્તીબેન હરેશભાઈ નવાપરા
આશાબેન ડો.ચેતનભાઈ માંગુકિયા
સોનલબેન પ્રણવભાઈ લાઠિયા
તથા માવાણી પરિવાર